૬૨

ડો. આંબેડકર આવાસ યોજના હેઠળ અપાતી
મકાન સહાયના હપ્તાની ચૂકવણીની પધ્ધતિમાં
ફેરફાર કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્ર:–અબડ/૧૦૨૦૦૧/મં/૧૧/હ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ. ૧૫–૬–૨૦૦૧

વંચાણે લીધા :–

(૧) સરકારશ્રીના સા.ન્યા.અને અ.વિ. ના ઠરાવ ક્ર:–અબડ/૧૦૯૯/૭૬૯/હ, તા.૨૨–૨–૨૦૦૦
(૨) સરકારશ્રીના સા.ન્યા. અને અ.વિ.ના ઠરાવ ક્રમાંક:અબડ/૧૦૨૦૦૦/૫૭૫/હ, તા.૧૬–૩–૨૦૦૦
(૩) સરકારશ્રીના સા.ન્યા. અને અ.વિ.ના ઠરાવ ક્રમાંક:અબડ/૧૦૨૦૦૦/૪૬૪/હ, તા.૨૮–૪–૨૦૦૦
(૪) સરકારશ્રીના સા.ન્યા. અને અ.વિ.ના ઠરાવ ક્રમાંક:–અબડ/૧૦૨૦૦૦/૧૮૨૩/હ, તા.૧૯–૧૦–૨૦૦૦

<u>ઠરાવ:–</u>

આમુખમાં જણાવેલ ક્રમાંક–(૧) થી (૪) આગળના જુદા જુદા ઠરાવો અન્વયે રાજયમાં અનુ.જાતિના લોકો માટે વ્યકિતગત ધોરણે મકાન બાંધવા સહાય આપવા અંગેની "ડો. આંબેડકર આવાસ યોજના" તા.૧–૪–૨૦૦૦ થી અમલમાં છે. જેમાં અનુ.જાતિના લાભાર્થીઓને રૂા.૩૦,૦૦૦/ ની આર્થિક સહાય ચાર હપ્તામાં આપવાનું ધોરણ આમુખમાં ક્રમાંક:–(૪) માં દર્શાવેલ તા.૧૯–૧૦–૨૦૦૦ ના ઠરાવથી નિયત થયેલ છે. તેમાં અરજી મંજૂર કરતી વખતે પ્રથમ હપ્તા પેટે ૧૦ % લેખે રૂા.૩૦૦૦/– આપવાની જે જોગવાઈ કરવામાં આવેલ છે તેને કારણે મકાન બનાવવાનું શરૂ કરવા માટે મુશ્કેલી પડે છે અને પ્રથમ હપ્તા પેટે અરજી મંજૂર થયેથી ૧૦ % રકમને બદલે ૩૦ % રકમ ચૂકવવા સરકારશ્રીમાં રજૂઆત થયેલ છે. જેને ધ્યાનમાં લઈ સહાયની હપ્તાની ચૂકવણીની પધ્ધતિમાં ફેરફાર કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

૨. આ બાબતમાં સંપૂર્ણ વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | પ્રથમ હપ્તો ૩૦ % લેખે | રૂા. ૯,૦૦૦/– | અરજી મંજૂર થયેથી. |
| (૨) | બીજો હપ્તો ૪૦ % લેખે | રૂા.૧૨,૦૦૦/– | પ્લીન્થ લેવલે કામ થયા પછી સક્ષમ અધિકારીશ્રીનું અથવા સમાજ કલ્યાણ નિરીક્ષકશ્રીનું પ્રમાણપત્ર રજૂ થયેથી. |
| (૩) | ત્રીજો હપ્તો ૩૦ % લેખે | રૂા. ૯,૦૦૦/– | મકાનનું બાંધકામ પૂર્ણ થયા પછી સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજૂ થયેથી. |

.....પાછળ

સક્ષમ અધિકારી તરીકે ગ્રામ્ય વિસ્તાર માટે તાલુકાના નાયબ કાર્યપાલક ઈજનેર અથવા તેમના તાબાના તાંત્રિક અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે જ્યારે શહેરી વિસ્તાર માટે રાજ્ય સરકાર/ મ્યુ. કોર્પો/ નગરપાલિકાના ઈજનેરી શાખાના તાંત્રિક અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

૩. આ યોજના હેઠળ આર્થિક સહાય આપવા અંગેની અન્ય શરતો આમુખમાં દર્શાવેલ ઠરાવો મુજબ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(વિ.એમ.પરમાર)
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
* રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન,ગાંધીનગર.
માન.મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
સર્વે માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય,ગાંધીનગર
માન.મંત્રીશ્રી,સા.ન્યા. અને અ.વિભાગના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
વિરોધપક્ષના માન.નેતાશ્રીના અંગત સચિવશ્રી,વિધાનસભા,સચિવાલય,ગાંધીનગર
સર્વે માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય,ગાંધીનગર.
સર્વે માન. નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય,ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો.
નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ~~અમદાવાદ~~ ગાંધીનગર
નાયબ સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
સર્વે જીલ્લા કલેક્ટરશ્રીઓ
સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત)
સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી,વર્ગ-૧
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
પે એન્ડ એકા. ઓફિસ, અમદાવાદ/ગાંધીનગર
રેસીડેન્ટ ઓડીટ ઓફીસર, અમદાવાદ/ ગાંધીનગર
તિજોરી અધિકારીશ્રી, (સર્વ)
સા.ન્યા. અને અ.વિ. ના સર્વે અધિકારીશ્રીઓ / શાખાઓ
પસંદગી ફાઈલ
* પત્ર દ્વારા.